2.	Salabatapura	(1) Mr. Hasmukh Bhimjibhai Donga (Borrower & Mortgagor)	Rs.24,53,718.88	15/11/2023	All Right Title and Interest in Plot No. 42 adm. 41.53 Sq. Mtrs, in "Vraj Villa Residency" with all Appurtenances Pertaining there to Standing on land Bearing R.S. No. 89, Block No. 142, Village: Umra Tal: Olpad Dist: Surat. Boundaries: North: Plot No. 34, South: Society Road., East: Plot No. 41, West : Plot No. 43.	Physical	20,50,000/- / 2,05,000/-	IDIB50328734030	Mr. Prasanna Chaudhary (M) 8306230377
3.	Salabatapura	(1) M/s Sawamani Poly Yarn, Prop. Mrs. Sunita Sharma (Borrower/Proprietorship Firm) (2) Mrs. Sunita Sharma (Proprietor/Guarantor) (3) Mr. Mool Chand Sharma (Guarantor/Mortgagor)	Rs.1,82,78,430.60	06/12/2024	PROPERTY-1: All that piece and parcel of the immovable property bearing Industrial Plot No. 1 adm. 956.81 sq. Mtrs. Paiki Eastern Side Plot No. 1-B, adm. 369.23 sq. Mtrs., along with adm. 390.00 sq. Mtrs. construction, situated on the land bearing R.S. No. 259, Block No. 201, after promulgation New Revised Block No. 180, adm. 12392.00 sq. Mtrs. of Village: Mota Borasara, Sub-Dist.: Mangrol, Dist. Surat in the name of Mr. Mool Chand Sharma. Bounded by: North: adj. Survey No. 262; South: Adj. 7.5 Mtrs Road; East: Adj. Plot No. 2; West: Adj. Survey No. 1-A.	Physical	50,00,000/- / 5,00,000/-	IDIB30292203694	Mr. Prasanna Chaudhary (M) 8306230377
4.					PROPERTY-2: All rights, title and interest in Shop No. F-108, on Lower Ground Floor, adm. 15.33 Sq. Mtrs., together with undivided share adm. 5.11 Sq. Mtrs. in Shiv Krupa Textile Market, situated & constructed on the land bearing R.S. No.97, City Survey Nondh No.1511 Paiki, 1512, 1513 Paiki, 1514 & 1515, T.P. Scheme No.7 (Anjana) F.P. No.3 Paiki, 4, 5 Paiki, 6 & 7 of Ward: Umar Wada, Sub-Dist. Surat City, Dist. Surat in the name of Mr. Mool Chand Sharma. Bounded by: North: Road from Kamela Darwaja to Anjana; South: Nondh No.1531 to 1534; East: Nondh No.1516; West : Nondh No.1510.	Physical	34,00,000/- / 3,40,000/-	IDIB30292203694A	
5.	Varachha	(1) Mr. Manishkumar Chandrasinhbhai Chaudhari (Borrower/Mortgagor), (2) Mrs. Damayantiben Manishbhai Chaudhari (Co-Borrower/Mortgagor)	Rs.44,77,116.83	24/04/2024	All the piece and parcel of immovable property bearing Plot No. 73 (as per sanctioned plan Plot no. C/73) (as per K.J.P Block/Plot No.95/73 and after re-Survey Promulgation New Block/Plot no.2438) adm. 160.94 Sq. yard i.e. 134.56 Sq. Mtrs along with undivided proportionate share in common Road and COP land of the society known as "Shakti Lake City Vibhag-A" situated at Nansad, Kamrej land bearing Revenue Survey No.99, Block No.95 adm. 32583 Sq. mts. of Village-Nansad, Taluka Kamrej, District Surat and construction thereon. Bounded by: North: Adj. Society Internal Road; South: Adj. Society Boundary; East: Adj. Plot no 74; West: Adj. Society Internal Road.	Physical	33,48,000/- / 3,34,800/-	IDIB30549343429	Mr. Tikendra Verma (M) 9131718982
6.	BARODA SAYAJIGANJ	(1) Mrs. Hiriben Ramsing Rajput (Borrower)	Rs.19,24,940.18	25/06/2021	All that piece and parcel of Building situated at Flat No-D-401, Tower-D, 4th Floor, adm 465.00 sq.ft. , Shree Siddheshwar Hill Square, R. S. No. 575/1P, TPS No. 2 , FP No. 27, B/H- Siddheshwar Homes, Opp . APMC Market, Sayajipura, Dist-Vadodara-390019.	Physical	9,50,000/- / 95,000/-	IDIB0215548413	Mrs. Indu Bineesh (M) 9867024780

Bid Incremental Value is Rs.10,000/- | The intending Bidders/ Purchasers have to transfer the EMD amount in his Global EMD Wallet by 23/07/2024. i.e before the e-Auction Date and time in the portal.

Property Inspection Date & Time : 04/07/2025 to 22/07/2025 between 10:00 AM to 4:00 PM.

Date and Time of E-Auction: 23/07/2025 10:00 AM to 5:00 PM (With Unlimited Extension of 10 minutes Duration Each)

Bidders are advised to visit the website (https://www.ebkray.in) of our e auction service provider **PSB Alliance Pvt. Ltd** to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd. Helpdesk No. 8291220220, email ID: support.ebkray@psballiance.com and other help line numbers available in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd. and EMD status, please contact **support.ebkray@psballiance.com.** For property details and photograph of the property and auction terms and conditions please **visit: https://www.ebkray.in** and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220. **Bidders are advised to use Property ID Number** mentioned above while. searching for the property in the website with https://www.ebkray.in.

STATUTORY 15 DAYS SALE NOTICE UNDER SARFAESI ACT

Date: 03/07/2025, Place : Surat

In the event of any Discrepancy between the English Version and Any other Language Version of this Auction Notice, The English Version Shall Prevail.

Authorised Officer, Indian Bank.

વહેલી લોન ભરપાઈ કરવા ઈચ્છતા નાના વ્યાપારીઓને હવે વધારાનો ડામ નહીં લાગે

નાના-લઘુ ઉદ્યોગોને બેંક લોન પ્રિ-પેમેન્ટ ચાર્જમાંથી મુક્તિ આપતી RBI

લાંબા સમયની માંગણી સ્વીકારાઇ : ફ્લોટીંગ રેટ પર રૂા. ૫૦ લાખ સુધીના ધિરાણમાં બેંકોને અગાઉથી જાણ કરીને કોઇ વધારાનો ચાર્જ વગર લોન વહેલી ભરપાઇ કરી શકાશે : વ્યક્તિગત ધોરણે અપાતી લોનમાં રાહત બાદ હવે તે MSME ને પણ લાગુ: ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલ

ન્યુ દિલ્હી : ભારતીય રિઝર્વ બેંક (RBI) એ બુધવારે બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓને એક મોટો નિર્દેશ આપ્યો છે. RBI એ કહ્યું કે કોઈપણ ફ્લોટિંગ રેટ બિઝનેસ લોન પર વ્યક્તિઓ અને સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો પર પ્રીપેમેન્ટ ચાર્જ વસૂલવામાં આવશે નહીં. આ નિયમો ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે.

હાલમાં, વ્યક્તિગત ઉપયોગ માટે લેવામાં આવતી ફ્લોટિંગ રેટ લોન પર કોઈ પ્રીપેમેન્ટ ચાર્જ વસૂલવામાં આવતો નથી. પરંતુ વિવિધ નાણાકીય સંસ્થાઓના વ્યવસાય લોન માટે અલગ અલગ નિયમો હોય છે. આનાથી ગ્રાહકોમાં મૂંઝવણ અને ફરિયાદો ફેલાઈ રહી હતી.

RBI એ તેની સમીક્ષામાં જોયું કે MSE ક્ષેત્રને સસ્તું અને સરળ ધિરાણ પૂરું પાડવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ પ્રીપેમેન્ટ ચાર્જ અંગે વિવિધ સંસ્થાઓના અલગ અલગ વલણને કારણે ગ્રાહકોને સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હતો. તેથી જ RBI એ નવી માર્ગદર્શિકા જારી કરી છે.

આ સૂચનાઓ બધી વાણિજ્યિક બેંકો (નાની ફાઇનાન્સ બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો અને સ્થાનિક ક્ષેત્ર બેંકો સિવાય), ટાયર-૪ શહેરી સહકારી બેંકો, NBFC-UL અને ઓલ ઇન્ડિયા ફાઇનાન્શિયલ સંસ્થાઓને લાગુ પડશે. આ સંસ્થાઓએ કોઈપણ સંજોગોમાં વ્યવસાયિક લોન માટે પ્રીપેમેન્ટ ચાર્જ વસૂલવા પડશે નહીં.

RBI એ કહ્યું કે નાની ફાઇનાન્સ બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, ટાયર-૩ શહેરી સહકારી બેંકો, રાજ્ય અને કેન્દ્રીય સહકારી બેંકો અને NBFC-ML દ્વારા આપવામાં આવતી ૫૦ લાખ રૂપિયા સુધીની કોઈપણ લોન પર પ્રીપેમેન્ટ ચાર્જ વસૂલવામાં આવશે નહીં.

હવે જો કોઈ ગ્રાહક લોન આંશિક અથવા સંપૂર્ણ રીતે અગાઉથી ચૂકવવા માંગે છે, તો તે કોઈપણ સ્ત્રોતથી આમ કરી શકે છે. આ માટે કોઈ લોક-ઇન પીરિયડ રહેશે નહીં. બીજી તરફ, જે લોકો કેશ ક્રેડિટ અથવા ઓવરડ્રાફ્ટ સુવિધા લે છે તેઓએ જો સુવિધા રિન્યુ કરવા માંગતા ન હોય તો નિયત તારીખ પહેલાં બેંકને જાણ કરવી પડશે, આવા કિસ્સામાં પણ કોઈ પ્રી-પેમેન્ટ ચાર્જ વસૂલવામાં આવશે નહીં.

પહાડી રાજ્યો હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદનો કહેર જારી રહ્યો છે. ઉત્તરાખંડમાં જોશીમઠ નજીક ભારે ભૂસ્ખલન થતા બદ્રીનાથ હાઈવે બંધ થઈ જતાં હજારો લોકો માર્ગ પર અધવચ્ચે ફસાયેલા છે. ચાર ધામ યાત્રા રોકી દેવામાં આવી છે. હિમાચલમાં કુલ્લુ જિલ્લામાં વાદળ ફાટવાની ઘટનાઓમાં ૪ લોકોના મોત અને ૧૬ લોકો ગુમ થયા બાદ કાંગડા જિલ્લાના મથક ધર્મશાલા નજીક નદીમાં અચાનક પુર આવતા હાઈડ્રો પાવર પ્રોજેક્ટ નજીક શેડમાં રહેતા ૧૫થી ૨૦ મજૂરો તણાઈ ગયા છે તેમાંથી બેના મૃતદેહો મળ્યા છે. કુલ્લુ જિલ્લામાં મનાલી- લેહ નેશનલ હાઈવે પર સ્નોગેલેરી નજીક ભુસ્ખલન થતા નદી પરના ક્ષતિગ્રસ્ત થયેલા પુલ પરથી પાણીના ધોધ પડી રહ્યો છે.

૨૧ જુલાઈથી ૨૧ ઓગસ્ટ સુધી સંસદનું ચોમાસુ સત્ર : રાષ્ટ્રપતિએ સરકારના પ્રસ્તાવને આપી મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૩

ભારતીય સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થશે. તે ૨૧ ઓગસ્ટ સુધી ચાલશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદના ચોમાસુ સત્ર સંબંધિત પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. જો કે, આ દરમિયાન, સ્વતંત્રતા દિવસની ઉજવણીને ધ્યાનમાં રાખીને ૧૩ અને ૧૪ ઓગસ્ટે કોઈ બેઠક થશે નહીં.

ચોમાસુ સત્રમાં ૨૩ દિવસ સુધી સંસદમાં મહત્વપૂર્ણ બિલો અને મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. ચોમાસુ સત્ર અંગે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ

સ્વતંત્રતા દિવસની ઉજવણીને સંદર્ભે ૧૩ અને ૧૪ ઓગસ્ટના બેઠક નહીં મળે

તાજેતરમાં ડ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે સરકારે ૨૧ જુલાઈથી ૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી સંસદનું ચોમાસુ સત્ર ચલાવવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર સંસદના નિયમો હેઠળ તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવા તૈયાર છે.

૨૧ જુલાઈથી ૨૧ ઓગસ્ટ સુધી સંસદનું ચોમાસુ સત્ર, રાષ્ટ્રપતિએ આપી મંજૂરીભારતના રાષ્ટ્રપતિએ ૨૧ જુલાઈથી ૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન સંસદનું ચોમાસુ સત્ર બોલાવવાના સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

શ્રી એમ.બી. મકવાણા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ નં.૧૭૯/૨૦૨૫ તા.૧૦/૦૬/૨૦૨૫

વાદી:- ૧. મેણાત શંકરભાઈ ખાતુભાઈ
રહે.નવાઘરા, તા.મેઘરજ, જી. અરવલ્લી

:: વિરૂદ્ધ ::

તલાટી-કમ-મંત્રીશ્રી, રાજગોળ ગૃપ ગ્રામ પંચાયત કચેરી,
મુ.રાજગોળ તા.મેઘરજ, જી.અરવલ્લી

વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે વિલંબથી જન્મની નોંધણી કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રી મેણાત શંકરભાઈ ખાતુભાઈ એ તા.૦૨/૦૩/૨૦૨૫ ની અરજથી અરજદારશ્રીના માતા મેણાત મંગુબેન ખાતુભાઈની મરણ તારીખ ૧૧/૦૫/૨૦૧૯ ના રોજ નવાઘરા ખાતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહિ આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટીસ ઈસ્યુ કરી.

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર, મેઘરજ

કેદારનાથમાં ૪૦ લોકોનું રેસ્ક્યુ

હિમાચલ પ્રદેશમાં આભ ફાટતાં અત્યાર સુધી ૬૨ લોકોના મોત

દેહરાદુન, તા.૩

ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ ધામ પરથી પરત ફરી રહેલા ૪૦ યાત્રાળુઓ સોનપ્રયાગ સ્લાઇડ ઝોનમાં ફસાયા હતા. જેમને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે સોનપ્રયાગ નજીક સ્લાઇડ ઝોનમાં અચાનક ભૂસ્ખલન થયુ હતું. જેના લીધે ૪૦ યાત્રાળુઓ ફસાઈ ગયા હતા.

દુર્ઘટનાની જાણકારી મળતાં જ તૈનાત એસડીઆરએફના જવાન ઘટનાસ્થળે પહોંચ્યા હતાં. એસડીઆરએફની ટીમે યાત્રાળુઓ સુધી સુરક્ષિત માર્ગ બનાવી તેમને સફળતાપૂર્વક સ્લાઇડ ઝોનમાંથી બહાર કાઢ્યા હતા.

તમામ યાત્રાળુઓ મોડી રાત્રે ૧- વાગ્યે સ્લાઇડ ઝોનમાં ફસાયા હતા. ગત રવિવારે ભારે વરસાદ અને ભૂસ્ખલનની આશંકા વચ્ચે ચારધામ યાત્રા એક દિવસ માટે અટકાવી દેવામાં આવી હતી. લોકોની સુરક્ષા માટે સાવચેતીના પગલાં લેવાયા હતા. બાદમાં સોમવારે યાત્રા ફરી શરુ થઈ હતી. જેમાં

૫૬ લોકો ગુમ છે. ૧૦૩ લોકો ઈજાગ્રસ્ત થયા છે, ૮૪ પશુઓ મૃત્યુ પામ્યા છે અને ૨૨૩ ઘરોને નુકસાન થયું

ગઈકાલે ધોધમાર વરસાદ વરસતાં ઠેર-ઠેર ભૂસ્ખલનની ઘટના બની હતી.

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ડેટા અનુસાર, ૨૦ જૂનથી અત્યાર સુધીમાં હિમાચલ પ્રદેશમાં કુલ ૬૩ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૫૬ લોકો ગુમ છે. ૧૦૩ લોકો ઈજાગ્રસ્ત થયા છે, ૮૪ પશુઓ મૃત્યુ પામ્યા છે અને ૨૨૩ ઘરોને નુકસાન થયું છે. મંડીમાં જ ૧૩ લોકોના મોત થયા છે. જ્યારે ૨૯ લોકો ગુમ છે. થુનાગમાં પાંચ, કરસોગમાં એક અને ગૌહરમાં સાત લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સિવાય જોગિન્દ્રનગરના સ્યાંજમાંથી બે મૃતદેહો મળી આવ્યા છે. હિમાચલ પ્રદેશમાં સોમવારે રાત્રે આભ ફાટ્યું હતું. જેના લીધે ૧૦૦થી વધુ રસ્તાઓ ધોવાઈ ગયા છે. ભૂસ્ખલનના કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. ૯૧૮ વીજ ટ્રાન્સફોર્મર, ૬૮૩ પેયજળ સુવિધાઓ ઠપ થઈ છે. વીજ અને પાણી સેવા ખોટવાતાં સ્થાનિકો હાલાકીમાં મૂકાયા છે. હિમાચલ પ્રદેશમાં વરસાદની તારાજીના કારણે અંદાજે રૂ. ૪૦૭૦૨.૪૩ લાખનું નુકસાન થયું છે.

સ્વિમિંગ પુલની મજા માણી ઘરે જતા ૪ બાળકો સહિત ૫ના મોત

હાપુર, તા.૦૩

ઉત્તર પ્રદેશના હાપુર જિલ્લામાં બુધવારે રાત્રે ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલા ભીષણ રોડ અકસ્માત એક જ પરિવારના ૪ બાળકો સહિત ૫ લોકોએ જીવ ગુમાવ્યા. આ અકસ્માત ત્યારે થયો જ્યારે આ લોકો સ્વિમિંગ પુલમાં નહાયા પછી એક જ બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. અકસ્માત બાદ પોલીસે અકસ્માતમાં સંડોવાયેલા કેન્ટરને કસ્ટડીમાં લઈ લીધો છે અને કેસની તપાસ શરૂ કરી છે.અહેવાલો અનુસાર, હાપુરના મોહલ્લા મજીદપુરાના રહેવાસી દાનિશ તેના પરિવારના ૪ બાળકો સાથે બાઈક પર ઘરે પરત ફરી રહ્યો હતો. પરિવારના કેટલાક અન્ય સભ્યો પણ તેની સાથે અલગ અલગ વાહનોમાં હતા. આ અકસ્માત બુલંદશહેર રોડ પર સર્જાયો હતો, જ્યાં એક પૂરપાટ ઝડપે આવતી ટ્રકે તેની બાઈકને પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે, બાઈક પર સવાર બધા લોકો રસ્તા પર પડી ગયા અને ટ્રકે તેમને કચડી નાખ્યા.અકસ્માતની માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું.

નામ બદલેલ છે

મેં મારૂ જૂનું નામ ઠાકરડા રાજેશભાઈ શકરાજી હતુ તે બદલીને નવું નામ રાજેશ શકરાજી ઠાકોર રાખેલ છે. જે-૧૦૬ સન રીયલ હોમ્સ, ન્યુરાણીપ, અમદાવાદ-૩૮૨૪૭૦

નામ બદલેલ છે

મારૂ જૂનું નામ કડીવાલ મોહમ્મદ સાકીબ સફીકભાઈ હતું તે બદલીને નવું નામ કડીવાલ મોહમ્મદ સાકીબ મહમદસફી રાખેલ છે. મોમિનવાસ, અલીગઢ, સદરપુર, બનાસકાંઠા, ગુજરાત

નામ બદલેલ છે

મારૂ જૂનું નામ કડીવાલ અનિસાબેન સફીકભાઈ હતું તે બદલીને નવું નામ કડીવાલ અનિશા બહેન મહમદસફી રાખેલ છે. મોમિનવાસ, અલીગઢ, સદરપુર, બનાસકાંઠા, ગુજરાત

નામ બદલેલ છે

મારૂ જૂનું નામ કડીવાલ સફીકભાઈ આદમભાઈ હતું તે બદલીને નવું નામ કડીવાલ મહમદસફી આદમ રાખેલ છે. મોમિનવાસ, અલીગઢ, સદરપુર, બનાસકાંઠા, ગુજરાત

FOR SCRAP

Scraping of 03 Motorcycle, 01 Scooter

Vehicle located at Ahmedabad & inspection on dated 5th & 6th July 2025. Sealed Quotation may be sent to Admin Dept.

Address :-
Honda Motorcycle & Scooter India Pvt. Ltd.
Office No.611-612, Venust Atlantis,
Nr.Anand Nagar Bustand, Prahladnagar,Ahmedabad
For more details call : 8511182388

સહકાર ટેક્સી કોઓપરેટિવ લિમિટેડ ભરતી માટેની નોટિસ

સહકાર ટેક્સી કોઓપરેટિવ લિમિટેડ વિવિધ જગ્યાઓ માટે અરજીઓ મંગાવે છે. રસ ધરાવતા ઉમેદવારો પોતાની અરજી ઈમેઈલ sahakartaxicoop@gmail.com દ્વારા મોકલી શકે છે.

ખાલી જગ્યાઓ, પાત્રતાનું ધોરણ, લાયકાત, અનુભવ, વયમર્યાદા, પગારનો સ્કેલ વગેરેની વિગતવાર માહિતી અને અન્ય મહત્ત્વની સૂચનાઓ એનસીડીસીની અધિકૃત વેબસાઈટ www.ncdc.in પર ઉપલબ્ધ છે. અરજીઓ જમા કરાવવાની છેલ્લી તારીખ ૩૦મી જુલાઈ ૨૦૨૫ છે.

Prabha Energy Limited **પ્રભા એનર્જી લિમિટેડ** CIN: L40102GJ2009PLC057716
રજિસ્ટર્ડ ઓફિસ: 12A, અભિશ્રી કોર્પોરેટ પાર્ક, આંબલી બોપલ રોડ, બોપલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૫૮
Ph: (02717) 488611, E-mail: cs@prabhaenergy.com, Web: www.prabhaenergy.com

૧૬મી વાર્ષિક સામાન્ય સભા માટે શેરધારકોને નોટિસ

આથી સૂચના આપવામાં આવે છે કે પ્રભા એનર્જી લિમિટેડ વતી ("કંપની")ના સભ્યોની 16મી વાર્ષિક સામાન્ય સભા ("એજીએમ") શુક્રવાર, 08 ઓગષ્ટ, 2025ના રોજ સવારે 11:00 કલાકે એજીએમની નોટિસમાં દર્શાવ્યા મુજબ વ્યવસાયોનો વ્યવહાર કરવા માટે વીડિયો કોન્ફરન્સ ("વીસી")/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા યોજવામાં આવશે., કોર્પોરેટ અફેર્સ મંત્રાલય ("MCA") તેના પરિપત્ર નં. 20/2020 તારીખ 5મી મે, 2020, (14/2020, 17/2020, 09/2023 અને 09/2024 અનુક્રમે 8મી એપ્રિલ, 2020, 13મી એપ્રિલ, 2020, 25મી સપ્ટેમ્બર, 2023 અને 19મી સપ્ટેમ્બર, 2024 પરિપત્ર નંબર સાથે વાંચો) દ્વારા કંપનીઓ ને વીસી/ અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") અને સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક હાજરી વિના એજીએમ યોજવાની પરવાનગી આપી છે. કંપની અધિનિયમ, 2013, SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેસન્સ અને ડિસ્ક્લોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, 2015 અને MCA પરિપત્રોની જોગવાઈઓના પાલનમાં કંપનીની 16મી એજીએમ VC/OAVM દ્વારા યોજવામાં આવશે.

એજીએમની નોટિસ અને વર્ષ 2024 -25 ના વાર્ષિક અહેવાલ ફક્ત તે સભ્યોને જ ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મોકલવામાં આવશે, જેમના ઈ-મેલ એડ્રેસ કંપની/RTA/ડિપોઝિટરીઝમાં પાસે નોંધાયેલા હશે. જે સભ્યોના ઈ-મેલ સરનામાં નોંધાયેલા નથી, તેમને પોસ્ટ દ્વારા એક ભૌતિક પત્ર મોકલવામાં આવશે, જેમાં તેમને વિગતવાર વાર્ષિક અહેવાલ એક્સેસ કરવા માટે વેબ લિંક આપવામાં આવશે. સભ્યો નોંધ લે કે એજીએમ ની નોટિસ અને નાણાકીય વર્ષ 2024-25 નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.prabhaenergy.com અને સ્ટોક એક્ષચેન્જ એટલે કે બીએસઇ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ, અનુક્રમે www.bseindia.com and www.nseindia.com. પર પણ ઉપલબ્ધ રહેશે. સભ્યો ફક્ત વીસી/ઓએવીએમ સુવિધા દ્વારા એજીએમમાં હાજરી આપી ભાગ લઇ શકે છે. એજીએમમાં જોડાવા માટેની સૂચનાઓ અને ઇ-વોટિંગની પ્રક્રિયા એજીએમની નોટિસ માં આપવામાં આવશે. કંપની અધિનિયમ, 2013 ની કલમ 103 મુજબ કોરમની ગણતરીના હેતુ માટે વીસી/ઓએવીએમ દ્વારા મીટિંગમાં હાજર રહેલા સભ્યોની ગણતરી કરવામાં આવશે.

એજીએમ ની નોટિસ માં દર્શાવમાં આવેલા બધા જ ઠરાવો ઉપર સભ્યો પોતાના વોટ આપી શકે તે માટે કંપની બધા જ સભ્યો ને ઇ-વોટિંગ સુવિધા ("રિમોટ ઇ-વોટિંગ") પુરી પડી રહી છે. તે, ઉપરાંત, કંપની એજીએમ દરમિયાન ઇ-વોટિંગ સિસ્ટમ ના માધ્યમ થી વોટિંગ ની સુવિધા ("ઇ-વોટિંગ") પણ પુરી પડી રહી છે. રિમોટ ઇ-વોટિંગ/ઇ-વોટિંગ માટેની વિગતવાર જાણકારી એજીએમ નોટિસ માં દર્શાવામાં આવી છે.

સભ્યોને તેમના નામ, પોસ્ટલ સરનામું, ઈ-મેલ એડ્રેસ, ટેલિફોન/મોબાઇલ નંબર, પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN), મેન્ડેટ, નામાંકન, પાવર ઓફ એટર્ની, બેંક વિગતો જેમ કે બેંક અને શાખાની વિગતો, બેંક એકાઉન્ટ નંબર, MICR કોડ, IFSC કોડ, વગેરે લગતા ફેરફાર નીચે મુજબ જાણાવી શકે છે:

- ડીમેટ મોડમાં શેર ધરાવતા સભ્યો તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટનો સંપર્ક કરીને તેમના ઈ-મેલ આઇડી રજીસ્ટર કરાવી શકે છે.
- ફિઝીકલ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો કંપનીને cs@prabhaenergy.com પર અથવા કંપની ના આરટીએ (RTA) એટલે કે એમયુએફજી ઈન્ટાઇમ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (અગાઉ લિંક ઈન્ટાઇમ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ) ને ahmedabad@in.mpms.mufg.com પર ફોર્મ ISR -૧ અને અન્ય ફોર્મસ સેબી નો તારીખ 16 માર્ચ, 2023 નો પરિપત્ર ન. SEBI/HO/MIRSD/MIRSD-PoD-1/P/CIR/2023/37 પ્રમાણે નોંધણી માટે વિનંતી મોકલી શકે છે.

આ નોટિસ કંપનીના તમામ સભ્યોની માહિતી અને લાભ માટે જારી કરવામાં આવી રહી છે અને તે એમસીએ (MCA) પરિપત્ર/સેબીના પરિપત્રનું પાલન કરે છે

બોર્ડના આદેશથી
પ્રભા એનર્જી લિમિટેડ વતી
નિકિતા અગ્રવાલા
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર

તારીખ : ૦૩.૦૭.૨૦૨૫
સ્થળ : અમદાવાદ

કોઈ વાતે ઠપકો આપતાં ગુસ્સામાં નોકરે માતા-દીકરાની હત્યા કરી

નવી દિલ્હી, તા.૩

દક્ષિણ દિલ્હીના લાજપત નગર-૧ માં ડબલ મર્ડરનો કિસ્સો સામે આવ્યો છે. એક જ ઘરમાં માતા અને પુત્રની ગળું કાપીને ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. મૃતકોની ઓળખ ૪૨ વર્ષીય રુચિકા અને તેના ૧૪ વર્ષીય પુત્ર ક્રિશ તરીકે થઈ છે. આ ઘટનાએ વિસ્તારમાં સનસનાટી મચાવી દીધી છે. પોલીસે આ કેસમાં નોકરની ધરપકડ કરી છે.

નોકરનું નામ મુકેશ છે. તે બિહારનો રહેવાસી છે. પૂછપરછ દરમિયાન નોકરે કબૂલાત કરી કે, 'રુચિકાએ કોઈ વાતનો ઠપકો આપતા, ગુસ્સો આવ્યો હોવાથી મેં ગુસ્સામાં બંનેની હત્યા કરી છે.'

દરવાજો તોડ્યા પછી જ્યારે મહિલાના પતિ અને પોલીસ ટીમ ઘરમાં પ્રવેશી ત્યારે મહિલાનો મૃતદેહ બેડરૂમમાં મળી આવ્યો હતો, જ્યારે તેમના પુત્રનો મૃતદેહ વોશરૂમમાંથી મળી આવ્યો હતો. મહિલાનું નામ રુચિકા (૪૨) છે, જ્યારે પુત્રનું નામ ક્રિશ (૧૪) છે. પતિએ ફરિયાદ નોંધાવ્યા બાદ, પોલીસ આ મામલાની તપાસ કરવા પહોંચી હતી.

અમેરિકા સુધી ફફડાટ

ચીન બનાવી રહ્યું છે પેન્ટાગોન કરતાં પણ ૧૦ ગણું મોટું મિલિટરી શહેર

બેઈજીંગ, તા.૩

રશિયા-યુક્રેન, ઈઝરાયલ-ઈરાન યુદ્ધ અને ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. આ દરમિયાન ચીન પેન્ટાગોન કરતા ૧૦ ગણું મોટું મિલિટરી શહેર બનાવવાની તૈયારી કરી રહ્યું છે. એક અહેવાલ અનુસાર, ચીન બેઈજિંગ નજીક એક વિશાળ મિલિટરી શહેર બનાવી રહ્યું છે જે અમેરિકાના પેન્ટાગોન કરતા કદમાં દસ ગણું મોટું હોવાનું કહેવાય છે. તેને બેઈજિંગ મિલિટરી સિટી કહેવામાં આવી રહ્યું છે. તે બેઈજિંગ શહેરથી લગભગ ૩૨ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં સ્થિત છે. તેનો વિસ્તાર લગભગ ૪ કિલોમીટર પહોળો છે અને તેમાં એક બંકર પણ શામેલ છે, જેનો ઉપયોગ પરમાણુ યુદ્ધની સ્થિતિમાં કમાન્ડ સેન્ટર તરીકે થશે.

અહેવાલો અનુસાર, વર્ષ ૨૦૨૨માં બેઈજિંગ નજીકના વિસ્તારોમાં રહેણાંક ઈમારતો

૨૦૨૪ના મધ્ય સુધીમાં આખો વિસ્તાર સાફ કરી દેવામાં આવ્યો હતો અને બાંધકામનું કામ શરૂ થઈ ગયું હતું

અને ખુલ્લું મેદાન હતું, ૨૦૨૪ના મધ્ય સુધીમાં આખો વિસ્તાર સાફ કરી દેવામાં આવ્યો હતો અને બાંધકામનું કામ શરૂ થઈ ગયું હતું. હવે ત્યાં રસ્તાઓ અને ટનલનું આખું નેટવર્ક બનાવવામાં આવ્યું છે.

આ વિસ્તારમાં ડ્રોન ઉડાડવા પર સખત પ્રતિબંધ છે. નજીકના હાઈકિંગ ટ્રેલ્સ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. ચીને અહીં કેમેરા કે કોઈપણ પ્રકારની દેખરેખ બંધ કરી દીધી છે. આ બધું દર્શાવે છે કે ચીન આ પ્રોજેક્ટને સંપૂર્ણપણે ગુપ્ત રાખવા માંગે છે. ચીનનું નવું યુદ્ધ કમાન્ડ સેન્ટર જૂના વેસ્ટર્ન હિલ્સ કમાન્ડ સેન્ટરનું સ્થાન લઈ શકે છે. નિષ્ણાતો માને છે કે ચીનના પ્રમુખ શી જિનપિંગના નેતૃત્વમાં ચીન ઝડપથી તેના પરમાણુ હથિયારની તાકાત વધારી રહ્યું છે અને આગામી દાયકામાં તે અમેરિકાની બરાબરી કરી શકે છે અથવા તેને પાછળ છોડી શકે છે.

ઉલ્લેખનીય છે કે, શું વિશ્વ ત્રીજા વિશ્વયુદ્ધ તરફ આગળ વધી રહ્યું છે? ચીનની આ પ્રવૃત્તિએ વૈશ્વિક સુરક્ષા નિષ્ણાતો, ગુપ્તચર એજન્સીઓ અને આંતરરાષ્ટ્રીય સમુદાયની ચિંતાઓને વધુ ઘેરી બનાવી દીધી છે.

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ૮૦૨, નટરાજ બાય રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેએન્ડસર એમ. વી. રોડ, અંધેરી (ઈ) મુંબઈ-૪૦૦૦૬૯.
હિંમતનગર શાખાઃ ઓફિસ નં.૨૧૩-એ, ૨જેમાળે, સમ કોમ્પ્લેક્સ ૨, મોતીપુરા, પી.ઓ. હિંમતનગર, જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧ (ગુજરાત).

ઈ-હરાજી - વેચાણ નોટિસ

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લીધા બાદ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણનોટિસ

આથી અત્રે જાહેર જનતાને તથા નીચે જણાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને ખાસ નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ ગિરવે રાખેલ સ્થાવર મિલકત કે જેનો કબજો આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ લીધો છે તેનું વેચાણ કરભારણની માહિતી વિના 'જ્યાં છે, જેમ છે, જે છે તે છે અને જે કાંઈ છે' તે આધારે કરવામાં આવશે જેની વિગતો નીચે મુજબ છેઃ

નં.	દેવાદાર(રો)/સહ-દેવાદારો/ જામીનદાર(રો) નું નામ(મો)	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતની વિગતો	રિઝર્વ કિંમત (આરપી)	ઈએમડી (આરપીના ૧૦%)	કબજાનો પ્રકાર
1	(લોન કોડ નં. ૦૩૬૧૦૦૦૦૪૮૧/હિંમતનગર શાખા) દિનેશભાઈ માદ્ધુપભાઈ વાડી (દેવાદાર) જાગૃતિબેન દિનેશભાઈ વાડી (સહ દેવાદાર)	09-01-2025 & ₹ 11,66,266/-	મિલકત નં. ભોંયતળીયે એકતા રેસીડેન્સી, ઈડર-હિંમતનગર રોડ, હિંમતનગર પ્લોટ નં.૭૧ પૈકી ઉત્તર બાજુ સવગઢ સાબરકાંઠા ગુજરાત-૩૮૩૨૨૦, સીમાઓઃ પૂર્વેઃ ૭.૫૦ મીટર રોડ, પશ્ચિમેઃ પ્લોટ નં.૬૯, ઉત્તરેઃ પ્લોટ નં.૭૨, દક્ષિણેઃ પ્લોટ નં.૭૧ પૈકી બીજા પાર્ટમાં એસ.આર. નં. ૪૬૯	Rs. 8,47,360/-	Rs. 84,736/-	ફિઝિકલ

૧) ઉપર આપેલ શાખાના સરનામે કેવાયસી સાથે અર્નેસ્ટ મની ડિપોઝીટના ડીડી, ટેન્ડર ફોર્મ અને સ્વીકારેલ નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) જમા કરાવવાની અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની છેલ્લી તારીખ ૨૩-૦૭-૨૦૨૫ના સાંજના ૦૫.૦૦ સુધી છે. ભર્યા વગરના ટેન્ડર ફોર્મ કે છેલ્લી તારીખ પછી આવેલ ટેન્ડર ફોર્મ અમાન્ય ગણાશે અને એ રીતે અસ્વીકાર્ય બનશે. ઈએમડી પર કોઈ વ્યાજ નહીં અપાય.
૨)https://bankeauctions.com પર બીડ/ ઓફર ખોલવાની (હરાજીની) તારીખ ૨૪-૦૭-૨૦૨૫ના રોજ બપોરે ૦૩.૦૦થી ૦૪.૦૦ દરમિયાન છે.
૩)ઉપર જણાવ્યા મુજબની મિલકત પર કોઈ જવાબદારીઓ બાકી હશે તે માટે એએચએફએલ જવાબદાર નથી. મિલકતની 'જ્યાં છે, જેમ છે, જે છે તે છે અને જે કાંઈ છે' તેના આધારે હરાજી થશે.
૪)ડિમાન્ડ ડ્રાફ્ટ માત્ર 'આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.'ના નામે જ કઢાવવો.
૫) હરાજી બીડિંગ વેબસાઈટ https://bankeauctions.com પર માત્ર ઓનલાઈન ઈલેક્ટ્રોનિક બીડિંગથી થશે. બીડરોને સલાહ છે કે ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઈટ જોઈ જવી.
૬) ઈચ્છુક બીડરોએ તેમના નામ પોર્ટલ મે. સી૧ઈન્ડિયા પ્રા.લિ. પર લિંક https://bankeauctions.com/ registration/signup દ્વારા નોંધાવવાના રહેશે અને તેમના યુઝર આઇડી અને પાસવર્ડ નિઃશુલ્ક મેળવી લેવા. ઈચ્છુક બીડરો સર્વિસ પ્રોવાઈડર મે. સી ૧ ઈન્ડિયા પ્રા.લિ. પાસેથી વેબસાઈટ https://bankeauctions.com દ્વારા ઈ-હરાજી માટે ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.
૭) વધુ વિગતો માટે સંપર્ક કરવોઃ આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી ઈસલાઉદ્દીન, સંપર્ક નં.૯૦૦૧૨૯૨૨૦૬નો અથવા સર્વિસ પ્રોવાઈડર મે. સી ૧ ઈન્ડિયા પ્રા.લિ., શ્રી પ્રભાકરન,મોબાઈલનં.+૯૧૭૪૧૮૨-૮૧૭૦૯, ઈમેઈલ:tn@c1india.com અને support@bankeauctions.com, ફોન નં. +૯૧૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬. જે તે તારીખે એએચએફએલ/એએચએફએલના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો સિક્યોર્ડ અસ્ક્યામતોના વેચાણ, તબદિલ અને/અથવા નિકાલ કરવા સામે કોઈ મનાઈહુકમ અને/અથવા કોર્ટની આજ્ઞા નથી.
૮. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરી આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એએચએફએલ), સિક્યોર્ડ લેણદારની વેબસાઈટ એટલે કે www.aadharhousing.com પર આપેલ લિંક જુઓ.
૯. હરાજી માટે બીડમાં વધારો કરવાની રકમ રૂ.૧૦,૦૦૦/-છે.
૧૦. આ અખબારી પ્રકાશન અને અહીં આપેલ માહિતી જાહેર જનતા માટે પ્રસાર માટે છે. આ વિગતોનું કોઈ પુનઃઉત્પાદન, વિતરણ, સંક્રમણ અથવા પુનઃ પ્રકાશન, આખું કે આંશિક, કોઈ પણ સ્વરૂપે કે કોઈ પણ સાધનો વડે, ચાહે પ્રિન્ટ, ડિજિટલ, કોઈ રીતે ઈલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેઈલ કે વેબ પ્રકાશનો કે અન્ય કોઈ રીતે કોઈ પણ માધ્યમથી કરવા સામે સખત મનાઈ છે. ઉપરની માહિતીનો બિનઅધિકૃત ઉપયોગ કોઈ પણ માધ્યમથી થશે તો એએચએફએલ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સ્થળઃ ગુજરાત
તા.૦૪-૦૭-૨૦૨૫

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ